# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

**''અજ્ઞાનને ટાળવા, ગુરૂને પ્રકાશવા,** **■ ગુરૂત્વ સાર ■**

**ગુરૂત્વપણું પામીને જ્ઞાનને પ્રકાશવું'':** નગુરાએ (ગુરૂ વગરનાંએ) જીવનમાં (ધર્મનું) ઘણું જાણ્યું અને જાણ્યાં કરતા વધારે કર્યું છતાં અલ્પ પણ ન પામ્યો, વિશેષમાં 'નગુણો બન્યો'. સગુરાએ (ગુરૂવાળાએ) જીવનમાં (ધર્મનું) થોડું જાણ્યું અને તેમાંથી થોડું કર્યું છતા અલ્પભવીપણું પામ્યો, વિશેષમાં 'સગુણો બન્યો'. ''નમ્રતા, શિષ્યત્વભાવ, ત્યાગ ભાવના, પોતાના કરતા બીજા માટે વિશેષ કરવાના ભાવ, સહનશીલતા, માન, આદર અને બહુમાન કરવાનો ભાવ વિગેરે ગુણો પ્રગટાવ્યાં, અને 'ગુણગ્રાહીપણું' પામ્યો.'' જીવનમાં સંગ કરવો તો સત્સંગીનો સંગ કરવો, સત્સંગીનો સંગ ન મળે તો અધર્મીનો સંગ કરવો ''પણ'' નગુરાનો સંગ કયારેય ન કરવો, અધર્મી એક ભવ બગાડે વધીને આવતો ભવ બગાડે ''નગુરો'' આ ભવ બગાડે, આવતો ભવ બગાડે અને અનંત ભવભ્રમણમાં ભટકાવે તેવા અવગુણીપણાનાં ગુણો (અવગુણો) ધારણ કરાવી દે અને જ્ઞાન અને જ્ઞાનીથી વિમુખપણું પમાડે, અહંકારીપણું, અભિમાન, માનપણું વિગેરે અવગુણોને પ્રગટાવે, બુધ્ધિનું વિપર્યાસપણું, દંભીપણું, સ્વચ્છંદીપણું અને શિષ્યત્વભાવનો, આજ્ઞાંકિતપણાનો અને લઘુત્વભાવનો ગુણ તોડાવે, (ગુણનો ક્ષય કરાવે) અને મિથ્યાત્વ ગાઢ કરાવે. **'ધર્મનો ઘાતક બનાવે.'** **''અજ્ઞાનીને ગુરૂ વગર જ્ઞાન નથી, ''અને'' ગુરૂને જ્ઞાનીત્વપણા વગર ગુરૂપણું નથી.''**

## જૈનો જાગો

લેખાંક : ૨૯

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

બાળજીવોને સિધ્ધાંતબોધની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે, કારણકે સિધ્ધાંત બોધ એટલે પહાડ ચડવા બરાબર છે અને ઉપદેશ બોધ એટલે પહાડ ઉતરવાં બરાબર છે અને બાળજીવોને ઉપદેશબોધની અનંત ભવભ્રમણથી ટેવ પડેલી છે અને ઉપદેશ બોધ આપનારા અનેક હોય છે. તેથી આ ભવમાં પણ ઉપદેશ બોધ સરળતાથી પ્રાપ્ત થયો હોય છે. અને ભવભવાંતરની ટેવને કારણે ગમવા પણ લાગે છે. ધર્મ ઓછો કરીને (અનુકુળતાથી ધર્મ કરીને) મોટું પુણ્ય બાંધવાની વૃત્તિથી ઉપદેશબોધમાં જાય છે (ભ્રમીતપણું, પુણ્ય મોટું નહીં પણ અલ્પ બાંધે છે). અને આ કારણથી રોજીંદી જીંદગીમાં પણ ઉપદેશબોધનાં આધારથી જ વ્રત-તપ-પ્રભુભક્તિ, સામાયિક અને પ્રતિક્રમણ, તિથી પાળવી વિગેરે ધર્મના કાર્યો ઉપદેશબોધ (પુણ્ય લક્ષથી કરે છે). પણ તેની બદલે આજ કાર્યો સિધ્ધાંતબોધનાં આધારે (આત્મલક્ષ સ્થાપીને) આદરપૂર્વક, અહોભાવથી અને અહિંસકપણું લાવવા અર્થે કરે તો આત્મકલ્યાણ થાય અને દ્રવ્યમાંથી ભાવે માર્ગાનુસારી બનવાનું કારણ બને અને ભાવી ભવમાં સમકિત પ્રાપ્ત થાય (અલ્પભવી બને), આવો છે સિધ્ધાંત બોધનો મહિમા. હવે આગળનાં લેખાંકનાં અનુસંધાનમાં વિશેષ સિધ્ધાંત બોધના લક્ષણો અને ગુણોની વિચારણા કરીએ.

*** સત્સંગ ***

**સંસારમાં દુ:ખે કરીને સંસારભાવ અનંતીવાર દાબ્યો (કાઢ્યો નહીં) સંસારમાં ભયે કરીને ત્યાગ અનંતીવાર લીધો છતાં વૈરાગ્ય પામ્યો નહીં (વૈરાગ્યના લક્ષ વગર) માટે સંસાર ચાલ્યો.**

૧૪૭. જે બોધની સમજણથી જીવને સંપ્રદાયનાં લક્ષણોમાં (ક્રિયાઓમાં) મોક્ષ પ્રાપ્તિ કેમ થાય તે જ્ઞાન મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય.

૧૪૮. જે બોધની સમજણથી જીવને જાણકારી મળે કે સવારમાં ઉઠીને સૌથી પહેલું કાર્ય રાત્રીનાં લાગેલા મન-વચન અને કાયાનાં પાપોનું પ્રાયશ્ચિત કરવું અને આગળ ઉપર એવા પાપો ન થાય તેવા સંકલ્પ સહિતનાં ભાવ ધારણ કરીને પાપબુધ્ધિમાંથી પાછા હટવું તેવું જ્ઞાન જેમાંથી મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય. (પ્રતિક્રમણ કરવું)

૧૪૯. જે બોધની સમજણથી જીવને સંસાર અને દેહના સ્મરણ પહેલા પોતાના ઈષ્ટદેવ (શ્રી તીર્થંકર પરમાત્મા)નો અભિષેક (પ્રક્ષાલ) અને પૂજા અર્ચના કરવાનું જ્ઞાન મળે તેને સિધ્ધાંત બોધ કહેવાય. (ભવભવાંતરની ત્રણ સંજ્ઞા : આહાર, નિંદ્રા અને મૈથુનને ત્યાગીને શ્રી પરમાત્માનો ઉપકારી ભાવ ધારણ કરીને [તેમની કૃપા માનીને] તેમની વંદના કરવા દહેરાસરમાં [મંદિરમાં] જવું જોઈએ.

૧૫૦. જે બોધની સમજણથી જીવને દેહ ટકાવવા સવારમાં આહાર લેવો અને તે સૂર્યોદય પછી લગભગ ૧ કલાકે તેનું જ્ઞાન જેનાથી મળે તેને સિધ્ધાંત બોધ કહેવાય. (રાત્રીનાં જીવોનું રાત્રી પૂરી થયે આયુષ્ય પૂર્ણ થાય અને દિવસનાં સુક્ષ્મ જીવોનું દિવસ પૂર્ણ થયે આયુષ્ય પૂર્ણ થાય તેથી સુક્ષ્મપણે હિંસા ન થાય, તેવા અહિંસક ભાવ સહિત હિંસકભાવ ત્યાગવા માટે રાત્રીના સુક્ષ્મ જીવો અને દિવસનાં સુક્ષ્મ જીવોનો ઓછામાં ઓછો યોગ હોય તેવો સમય. (નવકારશી)

૧૫૧. જે બોધની સમજણથી જીવને સાંજના આહારની સમજણનું જ્ઞાન મળે તે બોધને સિધ્ધાંતબોધ કહેવાય. (સાંજનો સમય : દિવસનાં સુક્ષ્મ જીવોનું આયુષ્ય પૂર્ણ અને રાત્રીનાં જીવોનું જન્મવું. તે એવો સમય કે સુક્ષ્મ જીવો બહુ જ ઓછો હોય અને ઓછામાં ઓછી હિંસા થાય અને જે અજાણતા થાય તેનું પણ વેદન હોય) લોકોને બતાવવા અને ધર્મનું માન લેવા માટે ચૌવિહાર ન હોય.

**''જીવે જીવનું જેટલું અહિત કર્યું છે એટલું જગતનાં કોઈ જીવે જીવનું અહિત કર્યું નથી''. ('ધર્મ હું જાણું છું'નાં સ્વચ્છંદનાં દોષથી)**

૧૫૨. જે બોધની સમજણથી જીવને ખબર પડે કે હવે સંસારનાં કોઈપણ પ્રકારનાં કાર્યો સાંજ પછી કરવાના નથી અને કરવાની જરૂર પણ નથી છતાં સંસાર સરળતાથી ચાલતો હોય છે, તે જ્ઞાન જેનાંથી મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય. (રાત્રીના મુખ્ય પાપોથી બચવાના લક્ષ સહિત પાપીભાવ, ભયપણું અને અસત્યપણું ટાળવાં માટે)

૧૫૩. જે બોધની સમજણથી જીવને આખો દિવસ શ્રી પરમાત્માની કૃપાથી સુખરૂપ ગયો અને વિઘ્નોમાં શાંતભાવે સહન કરવાનું બળ મળ્યું તેનો ઉપકાર માનવા સંધ્યા આરતી અને દેવવંદન કરવાનું જ્ઞાન જેનાથી મળે તેને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૫૪. જે બોધની સમજણથી જીવને દિવસ આખામાં સંસાર વ્યવહારમાં કરેલા જાણતાં અજાણતાં પાપોનું સ્મરણ (જાણતાં કરવાનું કારણ વૃત્તિ અને અજાણતાં કરેલાનું કારણ અજ્ઞાન) કરીને હવે એવા પાપોથી બચવા માટેનો સંકલ્પ અને તેવાં પાપોથી પાછા હટવાની વૃત્તિ કેળવવાનું લક્ષ સહિતનું પાપોમાંથી પાછા હટવાનું પ્રતિક્રમણ જે જ્ઞાનની જાણકારીથી થાય તેને સિધ્ધાંતબોધ કહેવાય.

૧૫૫. જે બોધની સમજણથી જીવને પાપમાંથી પાછા હટવામાં અને અહિંસકભાવમાં ટકી રહેવા માટે અને જે બીજા જીવોને મન-વચન અને કાયાથી દુભાવ્યા હોય, તેનું સ્મરણ કરીને મનોમન માફી (ક્ષમા) માગીને અને બીજા દિવસથી ફરી ન થાય તેવા સંકલ્પ માટે એક ઘડી કે બે ઘડી સ્થિરતાએ, શાંત ભાવે, સરળ સ્વભાવે, કોમળ હૃદયે અને કરૂણા દ્રષ્ટિએ એક આસન ઉપર બેસીને આત્મબળ વધારવાનું જેનાથી જ્ઞાન મળે, તેને સિધ્ધાંત બોધ કહેવાય. (સામાયિક, સમતાભાવે, સમતાં લાવવાં અને સમતાં રાખવાં માટેનો સંકલ્પયોગ)

*** સત્સંગનું ફળ ***

**જે જ્ઞાનથી જીવ માન મૂકીને માર્ગને માનીને માર્ગાનુસારીપણું પામીને, સમકિતની સમીપે આવીને, સદ્‌ગુરૂને સાધ્ય કરીને, કેવળજ્ઞાનની ક્ષિતિજે પહોંચાડે તે જ્ઞાનનું બીજું નામ સિધ્ધાંત બોધ (આત્મબોધ).**

૧૫૬. જે બોધની સમજણથી જીવને આખા દિવસનું વિસ્મરણ અને આવતાં દિવસનું પણ વિસ્મરણ કરાવીને રાત્રે સુતાં સુતાં શ્રી પરમાત્માનાં સ્મરણમાં રખાવે, તે જ્ઞાન જેનાથી મળે તેને સિધ્ધાંતબોધ કહેવાય. (જગતમાં હું કોઈનો નથી, કોઈ મારૂં નથી, જગતમાં મારૂં કાંઈ નથી. ''જગતનું છે અને જગતમાં પડ્યું છે.'' તેવા સંતોષી ભાવથી અને નિર્લેપ સ્વભાવથી અને શ્રી પરમાત્મા મારા છે અને તેમનો હું બાળક છું, તેવા આત્મિકપણાંથી પ્રભુ નામનું સ્મરણ કરતાં કરતાં તેમનાં આશ્રયે તેમનો ઉપકાર માનીને નિર્ભયપણે નિંદ્રા ધારણ કરવી.)

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.